**ફોજદારી કેસ (રેલવે) નં.: 61 / 2023**

**કેસ દાખલ તા.:** 31/01/2022 ; **કેસ રજીસ્ટર તા.:** 31/01/2022

**કેસ ફેસલ તા.:** 20/04/2026

**સમય ગાળો:** __________

**આંક: ૧૮**

| | |
|---|---|
| **ફરિયાદપક્ષ :-** | આર.પી.એફ. પોસ્ટ **ગોધરા** ગુ.ર. નં. **૦૩ / ૨૦૨૨** |
| *વિરુદ્ધ* | |
| **આરોપીપક્ષ :-** | **૧.} નામઃ- મોહમ્મદ્ તાહિર પુત્ર સીરાજ બોકડા, ઉંમરઃ- ૩૧ વર્ષ, ધંધોઃ- મજૂરી.**<br>**રહેવાસી: મુસ્લિમ સોસાયટી સી, સાતપુલ. ગોધરા, જિલ્લોઃ- પંચમહાલ.**<br>**૨.} નામઃ- યાકુબ પુત્ર અબ્દુલ સત્તાર જાતે-ભાઈજમાલ, ઉંમરઃ- ૩૧ વર્ષ,ધંધોઃ- ભંગાર લે-વેચ.**<br>**રહેવાસીઃ- ઈમરાન મસ્જિદ નાં સામે, મેદા પ્લોટ, ગોધરા, જિલ્લોઃ- પંચમહાલ.** |

**વિષય:** ***આર.પી.યુ.પી.*** *એક્ટ ની કલમ ૦૩ મુજબ ના ગુના ના કામે..*

================================================================

**ફરિયાદપક્ષ તરફે** - વિ.પી.પી.શ્રી ______________

**આરોપીપક્ષ તરફે** - વિ.વ.શ્રી _____________

================================================================

***-:: હુ ક મ ::-***

**1.** સદર કામે આરોપી વિરુદ્ધ **આર.પી.યુ.પી.** એક્ટ ની કલમ **૦૩** હેઠળ ફરિયાદ નોંધવામાં આવેલ છે, જે ફરિયાદ BNSS ના Chapter XX મુજબ Part–B હેઠળ કલમ 267 ના આધારે નોંધવામાં આવી છે અને તે સંદર્ભે ફરિયાદપક્ષનો પુરાવો લેવામાં આવ્યો છે. સદર કામે આરોપી તેઓના વકિલશ્રી મારફતે કોર્ટ રૂબરૂ હાજર રહેલ છે અને તેઓ દ્વારા BNSS ની કલમ 330 હેઠળ ફરિયાદપક્ષ દ્વારા રજૂ કરવામાં આવેલ નીચે મુજબના દસ્તાવેજો ને આંક આપવામાં આવે તો તેઓને વાંધો નથી તેવી રજૂઆત કરવામાં આવેલ છે, જેથી ફરિયાદપક્ષ દ્વારા રજૂ કરવામાં આવેલ નીચે મુજબના દસ્તાવેજી પુરાવા ધ્યાને લેવામાં આવેલ છે :-

| ક્રમ | દસ્તાવેજનું વર્ણન | આંક |
|---|---|---|

| | | |
|---|---|---|
| **૧.** | **રજિસ્ટર પાના** | **૫૨** |
| **૨.** | **ઘટના સ્થળ નાં પંચનામા** | **૫૩** |
| **૩.** | **ઘટના સ્થળ નાં નક્શા** | **૫૪** |
| **૪.** | **આરોપી નાં જવાબ** | **૫૫** |
| **૫.** | **વાહન જપ્ती પંચનામા** | **૫૬** |
| **૬.** | **નિશાન દેહી પંચનામા** | **૫૭** |
| **૭.** | **નિશાન દેહી નક્શા** | **૫૮** |
| **૮.** | **અંગ ઝડતી નક્શા** | **૫૯** |
| **૯.** | **વાહન તથા આરોપી નાં ઓળખ પંચનામા** | **૬૦** |
| **૧૦.** | **આરોપી નંબરઃ- ૦૧ નાં વધુ જવાબ** | **૬૧** |
| **૧૧.** | **નિશાન દેહી પંચનામા** | **૬૨** |
| **૧૨.** | **નિશાન દેહી નક્શા** | **૬૩-૬૪** |
| **૧૩.** | **આરોપી નંબરઃ- ૦૩ નાં જવાબ** | **૬૫** |
| **૧૪.** | **આરોપી નંબરઃ- ૦૩ નાં અંગઝડતી પંચનામા** | **૬૬** |
| **૧૫.** | **આરોપી નંબરઃ- ૦૩ નાં વધું જવાબ** | **૬૭** |
| **૧૬.** | **નિશાન દેહી  તથા જપ્તી પંચનામા** | **૬૮** |
| **૧૭.** | **આરોપી નંબરઃ- ૦૩ નાં નિશાન દેહી નક્શા** | **૬૯** |
| **૧૮.** | **આરોપી નંબરઃ- ૦૩ નાં વધુ જવાબ** | **૭૦** |
| **૧૯.** | **નિશાન દેહી તથા જપ્તી પંચનામા** | **૭૧** |
| **૨૦.** | **નિશાન દેહી તથા જપ્તી પંચનામા નાં નક્શા** | **૭૨** |
| **૨૧.** | **આરોપી ની દુકાન નાં નક્શા** | **૭૩** |

**2.** ફરિયાદપક્ષ દ્વારા આરોપી વિરૂદ્ધ ચાર્જ ફરમાવવા માટે રજૂ થયેલ ઉપરોક્ત મુજબના દસ્તાવેજી

પુરાવા ને ધ્યાને લેતા આરોપી વિરૂદ્ધ ચાર્જ ફરમાવવા લાયક પુરાવો જણાતા, BNSS ની કલમ 269 મુજબ આંક **૭૫** થી તોહમતનામું ઘડવામાં આવ્યું. તે તોહમતનામું આરોપીને વાંચી સમજાવવામાં આવ્યું અને ત્યારબાદ આરોપી નંબરઃ-૦૧ ની આંકઃ-**૭૬** વાળી અને આરોપી નંબરઃ-૦૩ ની આંકઃ- **૭૭** પ્લી નોંધવામાં આવી, જેમાં આરોપીએ ગુનો સ્વૈચ્છાએ કબૂલ કર્યો હોવાનું જણાવેલ છે. આરોપીની પ્લી રેકર્ડ કરતાં એવું જણાયું છે કે આરોપી કોઈપણ જાતના દબાણ કે ધાક-ધમકી વગર સ્વેચ્છાએ ગુનો કબૂલ કરે છે. આરોપીને સજાની જોગવાઈ સમજાવવામાં આવી છતાં તેઓએ ગુનો કબૂલ કરવાની ઈચ્છા વ્યક્ત કરતા તેમની કબૂલાત સ્વૈચ્છિક હોવાનું જણાય છે. આમ, ઉપરોક્ત સંજોગોમાં BNSS ની કલમ 269 ને ધ્યાને લઈ નીચે મુજબનો હુકમ કરવામાં આવે છે.

**3.** **આ કામનાં આરોપી ૧.} નામઃ- મોહમ્મદ્ તાહિર પુત્ર સીરાજ બોકડા, ઉંમરઃ- ૩૧ વર્ષ, ધંધોઃ- મજૂરી, રહેવાસી: મુસ્લિમ સોસાયટી સી, સાતપુલ. ગોધરા, જિલ્લોઃ- પંચમહાલ. ૨.} નામઃ- યાકુબ પુત્ર અબ્દુલ સત્તાર જાતે-ભાઈજમાલ, ઉંમરઃ- ૩૧ વર્ષ,ધંધોઃ- ભંગાર લે-વેચ, રહેવાસીઃ- ઈમરાન મસ્જિદ નાં સામે, મેદા પ્લોટ, ગોધરા, જિલ્લોઃ- પંચમહાલ. ને આર.પી.એફ. પોસ્ટ ગોધરા ગુના રજી. નં. ૦૩ / ૨૦૨૨ , આર.પી.યુ.પી. એક્ટ ની કલમ ૦૩ મુજબના ગુનાને કામે BNSS ની કલમ 271(2) હેઠળ તકસીરવાન ઠરાવવામાં આવે છે.**

**4.** આ કામના આરોપીએ અગાઉ આપેલ જામીન તથા જાતમુચરકા આથી રદ કરી, આરોપીને જયુડિશ્યલ કસ્ટડીમાં લેવાનો હુકમ કરવામાં આવે છે તેમજ સજાનો હુકમ કરતા પહેલા આરોપીને સજાના પ્રમાણસર સાંભળવા માટે સદર કેસ મુલત્વી રાખવામાં આવે છે.

સ્થળઃવડોદરા.

તારીખ : ૨૦/૦૪/૨૦૨૬

**(આદિત્ય રાજેશભાઇ ગોર)**
Judge Code: GJ-01709
જયુડી.મેજી.ફર્સ્ટ કલાસ (રેલવે), વડોદરા.

સજા અંગે હુકમ :-

**5.** આરોપી પોતાના વિ.વકીલ સાથે હાજર છે. બચાવપક્ષ દ્વારા રજુઆત કરવામાં આવી છે કે આરોપીનો આ પ્રથમ ગુનો છે, આરોપી રીઢા ગુનેગાર નથી, ગરીબ તથા મજૂરીયાત છે અને પરિવારની જવાબદારી તેના શીરે છે. તેથી પ્રોબેશન અથવા ઓછી સજા આપવા વિનંતી કરવામાં આવી છે. ફરિયાદપક્ષ તરફેથી દલીલ કરવામાં આવી છે કે સજાનો હેતુ આરોપીને ગુનો કરતા અટકાવવાનો તથા સમાજની સુરક્ષા કરવાનો છે અને ગુનાની ગંભીરતા ધ્યાનમાં લઈ યોગ્ય સજા કરવી જોઇએ.

**6.** બંને પક્ષોની રજૂઆત તથા આરોપીની પરિસ્થિતિ ધ્યાનમાં લેવામાં આવી છે. આરોપી ગરીબ છે,

મજૂરી કરે છે, પરિવારની જવાબદારી છે તથા અગાઉ અન્ય ગુનાઓ સાબિત થયાનો કોઈ પુરાવો નથી. આરોપી પોતાનો ગુનો સ્વીકારી પસ્તાવો વ્યક્ત કરે છે અને ભવિષ્યમાં ગુનો નહિ કરવાની ખાતરી આપે છે. આ સંજોગોમાં ઓછી સજા અને ન્યૂનતમ દંડ કરવો ન્યાયી અને યોગ્ય જણાય છે તથા ન્યાયના વિશાળ હિતમાં રહેશે.

7. નામ. ગુજરાત હાઇકોર્ટના ચુકાદા **State of Gujarat vs. Natvar Hirchandji Thakor, 2005 (1) GLR 709** મુજબ, પૂરતા અને વ્યાજબી કારણો હોય તો કોર્ટને કાયદામાં નક્કી કરેલી સજાથી ઓછી સજા કરવાની સત્તા છે. આ સિદ્ધાંત હાલના કેસ પર લાગુ પડે છે અને આરોપીની પરિસ્થિતિને ધ્યાનમાં લઈ ઓછી સજા કરવી યોગ્ય જણાય છે.

8. **આ કામનાં આરોપી ૧.} નામઃ- મોહમ્મદ્ તાહિર પુત્ર સીરાજ બોકડા, ઉંમરઃ- ૩૧ વર્ષ, ધંધોઃ- મજૂરી, રહેવાસી: મુસ્લિમ સોસાયટી સી, સાતપુલ. ગોધરા, જિલ્લોઃ- પંચમહાલ. ૨.} નામઃ- યાકુબ પુત્ર અબ્દુલ સત્તાર જાતે-ભાઈજમાલ, ઉંમરઃ- ૩૧ વર્ષ,ધંધોઃ- ભંગાર લે-વેચ, રહેવાસીઃ- ઈમરાન મસ્જિદ નાં સામે, મેદા પ્લોટ, ગોધરા, જિલ્લોઃ- પંચમહાલ. ને આર.પી.એફ. પોસ્ટ ગોધરા ગુના રજી. નં. ૦૩ / ૨૦૨૨ , આર.પી.યુ.પી. એક્ટ ની કલમ ૦૩ મુજબના ગુનાને કામે BNSS ની કલમ 271(2) હેઠળ તકસીરવાન ઠરાવી, કોર્ટ ઉઠે ત્યાં સુધીની સજા અને આરોપી નંબરઃ- ૦૧ ને રૂપિયા. ૮૦૦૦/- (આંકે રૂપિયા આઠ હજાર માત્ર) નો દંડ અને આરોપી નંબરઃ- ૦૨ ને પણ રૂપિયા. ૮૦૦૦/- ( આંકે રૂપિયા આઠ હજાર માત્ર ) એમ કુલ રૂપિયા. ૧૬,૦૦૦/- ( આંકે રૂપિયા સોળ હજાર ) નો દંડ કરવામાં આવે છે. જો આરોપી દંડ ના ભરે તો 15 દિવસની સાદી કેદ ભોગવવાની રહેશે.**

9. આરોપી દ્વારા કાચા કામમાં ભોગવેલ કેદની સજા મજરે આપવાનો હુકમ કરવામાં આવે છે.

10. આ કામે મુદ્દામાલ અંગે કરવામાં આવેલ વચગાળાના હુકમને આથી કાયમ રાખવાનો હુકમ કરવામાં આવે છે.

11. આરોપીને આ ઠરાવની નકલ વિના મૂલ્યે પૂરી પાડવી.

12. આરોપી દ્વારા અપીલ સમય ના જામીન રજૂ કરવાના રહેશે.

આ હુકમ આજરોજ ખુલ્લી અદાલતમાં વાંચી સંભળાવી જાહેર કર્યો.

સ્થળઃવડોદરા.

તારીખ : ૨૦/૦૪/૨૦૨૬

**(આદિત્ય રાજેશભાઇ ગોર)**
Judge Code: GJ-01709
જયુડી.મેજી.ફર્સ્ટ કલાસ (રેલવે), વડોદરા.